# પરિશિષ્ટ – બ

**લોક સુનાવણીમાં ભાગ લેનાર સહભાગીઓ દ્વારા ઉઠાવેલ મુદ્દા અને એકમના પ્રતિનિધિ ધ્વારા આપવામાં આવેલ પ્રત્યુત્તર.**

વન અને પર્યાવરણ મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હી ના નોટીફીકેશન ક્રમાંક એસ.ઓ. 1533 તા.14 સપ્ટેમ્બર 2006 ની કેટેગરી એ હેઠળ ક્રમાંક 5(એફ) અન્વયે મે. પ્રાઈડ ડ્રગ્સ એન્ડ ફાર્મા પ્રાઈવેટ લીમીટેડ દ્વારા ગાંધીનગર જીલ્લા માં બ્લોક નં. 63 મોજે બીલેશ્વરપુરા, તાલુકા કલોલ – 382 729 ખાતે પ્રસ્તાવીત બલ્ક ડ્રગ્સ ઉત્પાદન એકમ ની પરીયોજના માટે ગુરૂરાજ નવકાર તીર્થ, રાજરત્ન મેટલ પ્રાઈવેટ લીમીટેડ ની સામે, મોજે બીલેશ્વરપુરા, તાલુકા: કલોલ – 382 729, જીલ્લા: ગાંધીનગર ખાતે તા. 29-02-2008 ના રોજ ના રોજ 11.30 કલાકે યોજવામાં આવેલ.

જીલ્લા મેજીસ્ટ્રેટ અને જીલ્લા કલેક્ટશ્રી ના નોમીની તરીકે સુજ્ઞશ્રી મનીષા ચન્દ્રા, (આઈ.એ.એસ.) માનનીય મદદનીશ જીલ્લા કલેક્ટર, ગાંધીનગર, આ લોક સુનાવણીના અધ્યક્ષ સ્થાને રહ્યા અને સદર નોટીફીકેશન હેઠળ લોક સુનાવણી અને લોક પ્રત્યાયન (પબ્લીક કન્સલટેશન)ની માહિતી ટૂંકમાં જણાવી.

સભ્ય સચિવશ્રી જી.પી.સી.બી.ના પ્રતિનિધિ અને જી.પી.સી.બી. મહેસાણાના પ્રાદેશિક અધિકારી શ્રી આર.વી.પટેલે ઉદ્યોગ ધ્વારા સદર નોટીફીકેશન હેઠળ પર્યાવરણ મંજૂરી મેળવવા માટેની જરુરિયાત તથા આ સૂચિત પરિયોજનાની આસપાસ રહેતા અસર હેઠળના લોકોને આ ઉદ્યોગ સંબંધિત રજુઆતો કરવા વિશે માહિતગાર કર્યા. ત્યારબાદ અધ્યક્ષ મહોદયા ની આજ્ઞા લઈ મે. પ્રાઈડ ડ્રગ્સ એન્ડ ફાર્મા પ્રાઈવેટ લીમીટેડના પ્રતિનિધિ ને તેઓની સૂચિત પરિયોજના તેમજ તે અંગે ના ડ્રાફ્ટ ઈ.આઈ.એ. રીપોર્ટની સંક્ષીપ્ત રૂપે રજુઆત કરવા જણાવ્યું.

શ્રી માંડળકર પંઢેરી, કેમીસ્ટ, મે. પ્રાઈડ ડ્રગ્સ એન્ડ ફાર્મા પ્રાઈવેટ લીમીટેડ દ્વારા મે. પ્રાઈડ ડ્રગ્સ એન્ડ ફાર્મા પ્રાઈવેટ લીમીટેડ દ્વારા ગાંધીનગર જીલ્લા માં બ્લોક નં. 63 મોજે બીલેશ્વરપુરા, તાલુકા કલોલ – 382 729 ખાતે પ્રસ્તાવીત બલ્ક ડ્રગ્સ ઉત્પાદન એકમ ની પરીયોજના વિશે રજુઆત કરી.

લોક સુનાવણી દરમ્યાન રજુઆત કરનાર સ્થાનિક અસરકર્તા લોકોની રજુઆત માટે મંચ ખુલ્લો મુકવામાં આવ્યો. લોક સુનાવણી દરમ્યાન ભાગ લેનાર ધ્વારા ઉઠાવવામાં આવેલ મુદ્દાઓનો કંપનીના પ્રતિનિધિ ધ્વારા પ્રત્યુત્તર આપવામાં આવ્યો જે નીચે મુજબ છે.

| ક્રમાંક | મુદો ચર્ચનારનું નામ | રજુઆત કરનારને એકમના પ્રતિનિધી દ્વારા આપવામાં આવેલ પ્રત્યુતર | નોંધ |
|---|---|---|---|
| ૧. | શ્રી. વાઘજીભાઈ મફતભાઈ રબારી ગામ.છત્રાલ<br><br>- ઉદ્યોગને આવકારે છે. આ ઉદ્યોગ આવવાથી આજુબાજુના વિસ્તારનો વિકાસ થશે અને જમીન, પશુસંપત્તિને કોઈ નુકશાન થશે નહિ, ગામના વિકાસના કામો થશે. અમારા ગામમાં સ્કુલ બનાવવામાં ઉદ્યોગોનો વિશેષ ફાળો છે. | ઉપસ્થિત નાગરિકોએ તેમાં સાથ પુરાવેલ છે. | |
| ૨. | શ્રી. ઠાકોર રામસિંગજી ગામ.લુણાસણ<br><br>- ઉદ્યોગને આવકારે છે. આ ઉદ્યોગ આવવાથી આજુબાજુના વિસ્તારના લોકોને રોજગારી મળશે અને જી.પી.સી.બી.ના ધારાધોરણમાં રહીને નિયમોનું પાલન કરીને ઉદ્યોગ ચાલુ થાય એવી આશા રાખીએ છીએ. | ઉપસ્થિત નાગરિકોએ તેમાં સાથ પુરાવેલ છે. | |
| ૩. | શ્રી.પ્રજાપતિ વિનોદભાઈ ગોકળદાસ ગામ.રાજપુર<br><br>- આ ઉદ્યોગ આવવાથી હવા,પાણી જમીન અને અવાજ વગેરેનું પ્રદુષણ થશે નહિ, આજુબાજુના ગામોને રોજગારી મળી રહે તેમજ બીજા ઉદ્યોગો ચાલુ થાય તેવી આશા રાખું છું. | ઉપસ્થિત નાગરિકોએ તેમાં સાથ પુરાવેલ છે. | |
| ૪. | શ્રી. આશિષ પ્રવિણચંદ્ર શાહ ગામ. કડી<br><br>- ઉદ્યોગને આવકારે છે. અને આવા ઉદ્યોગ વધુને વધુ આવે એવી આશા રાખીએ છીએ. | ઉપસ્થિત નાગરિકોએ તેમાં સાથ પુરાવેલ છે. | |
| ૫. | શ્રી. અનિલભાઈ પટેલ ગામ.ચડાસણા<br><br>-ઉદ્યોગને આવકારે છે. વાપી અને અંકલેશ્વર વગેરે વિસ્તારનો ઔદ્યોગિક વિકાસ થયેલ છે તે મુજબ આ વિસ્તારનો વિકાસ થાય અને આવા ઉદ્યોગો આવવાથી સ્થાનિક લોકોને રોજગારી માટે બહાર ન જવું પડે. | ઉપસ્થિત નાગરિકોએ તેમાં સાથ પુરાવેલ છે. | |

| | | | |
|---|---|---|---|
| ૬. | શ્રી. આર.સી.તંબોલી જી.પી.સી.બી. ગાંધીનગર<br><br>- ઉદ્યોગમાં પાણીનો મુખ્ય સ્ત્રોત ભુગર્ભજળ હોઈ આ બાબતે સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર ઓથોરીટીની પરમિશન મેળવેલ છે કે કેમ ?<br>- પાણી વપરાશથી ભુગર્ભજળ પર શી અસર થશે ?<br>આ માટે કંપનીએ વરસાદી પાણીનો જળસંચય કરવો જોઈએ.<br><br>-ડ્રાફ્ટ ઈ.આઈ.એ.ના પાના નં. ૫.૪ માં ગંદા પાણીનો જમીન પર નિકાલ દર્શાવ્યો છે. જે બાબતે કંપની શું કહેવા માંગે છે. | -કંપની દ્વારા ભુગર્ભજળ વપરાશ બાબતે જરૂરી મંજુરી મેળવવાની કર્યવાહી હાથ ધરેલ છે.<br><br>- કંપની પોતાની જગ્યામાં વરસાદી પાણીનો જળસંચય કરશે અને સાથે સાથે આજુબાજુના વિસ્તારમાં કોઈ બે જાહેર સ્થળે વરસાદી પાણીના જળસંચય માટે મદદ કરશે.<br><br>શ્રી. જયેશભાઈ પટેલે જણાવ્યું કે ડ્રાફ્ટ ઈ.આઈ.એ.ના પાના નં. ૫.૪ માં ભુગર્ભજળ પર જનરલ ઈમ્પેકટ નેટવર્ક દર્શાવે છે. ખરેખર તો કંપની જમીન પર ગંદા પાણીનો નિકાલ કરવાની જ નથી. | |
| ૭. | શ્રી.ચતુરભાઈ ભલાજી ઠાકોર સરપંચશ્રી લુણાસણ<br><br>-છત્રાલ જી.આઈ.ડી.સી.નું પ્રદુષિત પાણી ચોમાસામાં તેમના નીચાણવાળા વિસ્તારમાં આવે છે તેના કારણે ખેતીના પાકો બગડે છે. તે ન બગડે તે જોવા વિનંતી છે. તેમજ ગામમાં ૧૫૦ શિક્ષીત બેરોજગાર માણસોને કામ મળે તે જોવા વિનંતી. | શ્રી. જયેશભાઈ પટેલે જણાવ્યું કે ઉદ્યોગમાંથી નીકળતું ગંદુપાણી એક સ્તરીય બાષ્પીભવન પ્રક્રિયાથી બાષ્પીભવન કરવામાં આવશે. | આ બાબતે જી.પી.સી.બી.મહેસાણા ના પ્રાદેશિક અધિકારીએ જણાવ્યું કે પ્રદુષિત પાણીના ચોમાસામાં નિકાલના કિસ્સામાં જી.પી.સી.બી. દ્વારા કસુરવાર ઉદ્યોગો સામે પર્યાવરણના વિવિધ કાયદાઓ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. |
| ૮. | શ્રી. ગણપતભાઈ સોમાભાઈ સોલંકી સરપંચશ્રી બિલેશ્વરપુરા<br><br>-ઉદ્યોગોને પરમિશન આપીએ છીએ પરંતુ ઉદ્યોગોમાંથી ઝેરી ગેસ નીકળે છે અને ચોમાસામાં એસિડવાળા પાણી છોડવામાં આવે છે આ અંગે યોગ્ય થવું જોઈએ. | શ્રી. જયેશભાઈ પટેલે જણાવ્યું કે ઉદ્યોગમાંથી નીકળતું ગંદુપાણી એક સ્તરીય બાષ્પીભવન પ્રક્રિયાથી બાષ્પીભવન કરવામાં આવશે.<br><br>આ ઉદ્યોગ દ્વારા હવા પ્રદુષણ નિયંત્રણ માટે યોગ્ય ઉંચાઈવાળી ચીમની લગાડવામાં આવશે જેથી પ્રદુષકોનું પ્રમાણ યોગ્ય માત્રા કરતા પણ નીચું રહેશે.<br><br>આ કંપની સુચિત કંપની છે તેમજ કંપની આવ્યાબાદ તેમાંથી ગંદુ પાણી બાષ્પીભવન કરવાના હોવાથી બહાર નીકળવાનો પ્રશ્ન રહશે નહિ અને ચોમાસામાં કંપનીમાંથી નીકળતા વરસાદી પાણીને એકઠું કરવાની વ્યવસ્થા કરવામાં આવશે જેથી આ કંપનીમાંથી થોડું પણ પાણી બહાર નીકળશે નહિ. | આ બાબતે જી.પી.સી.બી. મહેસાણા ના પ્રાદેશિક અધિકારીએ જણાવ્યું કે પ્રદુષિત પાણીના ચોમાસામાં નિકાલના કિસ્સામાં જી.પી.સી.બી. દ્વારા કસુરવાર ઉદ્યોગો સામે પર્યાવરણના વિવિધ કાયદાઓ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે.<br><br>અધ્યક્ષ મહોદયા દ્વારા પુછવામાં આવ્યું કે કંપની દ્વારા ચોમાસા દરમ્યિાન પાણી બહાર જશે તેમજ જે આજુબાજુની જમીનને નુકશાન કરશે કે કેમ ? |

| | | | |
|---|---|---|---|
| ૯. | શ્રી.વિનોદભાઈ ગાંડાભાઈ પ્રજાપતિ ગામ. બિલેશ્વરપુરા<br><br>- હેવી મેટલ નામની કંપની દ્વારા ચોમાસામાં ગંદુપાણી છોડવામાં આવે છે અને સાંજના સમયે એસિડિક ગેસ છોડવામાં આવે છે. | | આ બાબતે જી.પી.સી.બી. મહેસાણાના પ્રાદેશિક અધિકારીએ જણાવ્યું કે ફરીયાદ બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. |

(આર. વી. પટેલ)
સભ્ય સચિવશ્રી, જી.પી.સી.બી.ના
પ્રતિનિધિ અને પ્રા.અ. જી.પી.સી.બી., મહેસાણા.

મનીષા ચંદ્રા, (આઈ.એ.એસ.)
મદદનીશ જીલ્લા કલેક્ટરશ્રી
ગાંધીનગર



17